ૐ હરિ !!

જગત પ્રસિદ્ધ જોડ્ડા.

કૌરવ—પાણ્ડવ.

ભાગ ૧ લો.

નાટકમાં ગાયનો.

૧૦૭

રચનાર

મરહુમ શ્રીયુત

રણછોડદાસ ભાઇચંદ આમલીવાળા.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

શ્રી 'સુરત' સુંદર વિલાસ નાટક
કંપની માટે

માલીક,

ધીરજલાલ અમરતલાલ શાહ.

ઠે૦ ભાગાતળાવ વિક્ટોરીયા થીએટર—સુરત.

 આવૃત્તિ ૫ મી પ્રત ૨૦૦૦.

સુરત, ભાગાતળાવરોડ ઉપર આવેલા
શ્રી "દીનેર" પ્રીન્ટીંગ પ્રેસમાં રતિલાલ દુર્લભદાસે છાપી.

કીંમત બે આના.

મુખ્ય પાત્રોના નામ અને સંબંધ.

પુરૂષ વર્ગ.

સુત્રધાર— ... ... નાટ્યારંભે મંગળ સ્તવન કરનાર.
દુર્યોધન— ... ... હસ્તિનાપુરનો છત્રપતિ મહારાજા.
શકુની— ... ... કૌરવોનો મામો
યુધિષ્ઠિર, ભીમ, અરજુન, નકુળ, સહદેવ —કુંતા અને માદ્રી પેટે ઉત્પન્ન થયેલા પાન્ડુ કુમારો.
પુલોચન— ... ...દુર્યોધન પક્ષનો માયાવી અસુર.
ભીષ્મ–ગંગાજીનો પુત્ર અને કૌરવ પાન્ડવોનો વયોવૃધ્ધ બલિષ્ઠ દાદો.
દ્રોણ— ... ... બળવાન શસ્ત્રધારી દ્વિજ યોધ્ધો
વિદુરજી— ... ધર્મશીળ દાસી પુત્ર અને ધૃતરાષ્ટ્રનો ભાઈ
દ્રુપદ— ... ... પંચાળ દેશનો રાજા.
ધૌમ્યરૂષી— ... ... એક પ્રસિદ્ધ તપસ્વિ.
વિકર્ણ— ... ... કૌરવમાંનો એક ધર્મશીળ પુરૂષ.
દુઃશ્યાસન— ... ... કૌરવમાંનો એક ઘાત્તકી પુરૂષ.
કર્ણ— ... કુંતાજીનો કુંવારી કુખે ઉત્પન્ન થએલો-
સુર્ય પુત્રને પાછળથી અંગતદેશનો રાજા.
શ્રીકૃષ્ણ— ... ... દ્વારિકાધિશ મહાપ્રભુ.
બળિભદ્ર— ... ... શ્રી કૃષ્ણના વડિલ બંધુ.
ધૃતરાષ્ટ્ર— ... ... કૌરવોનો અંધ પિતા
નારદજી— ... ... વીદ્યાશાસ્ત્ર પ્રવિણ બ્રહ્મર્ષિ

સ્ત્રી વર્ગ

નટી— ... ... સુત્રધારની પ્રિયા
કુન્તાજી— ... ... પાન્ડવોની માતા
હેડંબા— ... ... રાક્ષસણી
દ્રૌપદી— ... ... પાંચાળદેશના દ્રુપદરાજાની દીકરી
નાગકન્યા ઉલુપી— ... ... શાપીત થએલી અપ્સરા
સુભદ્રા— ... ... શ્રીકૃષ્ણની બેન

જયા }
વિજયા } — ... ... સુભદ્રાની સમાનશીળ દાસીઓ

લક્ષ્મીજી— ... ... શ્રીકૃષ્ણનાં ધર્મપત્નિ

અવશેષ વર્ગ—કૈરવો, બ્રાહ્મણો, અસુરો, ઉપવન રક્ષકો પ્રજાજનો, રૂષીના શિષ્યો, લશ્કરી માણસો, કુંભાર કુંભારણો, આચાર્યો, રૂષીઓ, દાસીઓ, ચોબદારો, કંચનીઓ વિગેરે વિગેરે.

ચેતવણી.—શ્રી 'સુરત' સુંદર વિલાસ નાટક કંપનીના માલીકના નામના સ્ટેમ્પ વગરનું પુસ્તક કોઇએ વેચવું વેચાવવું અગર ખરીદવું નહિ કારણ તેવું પુસ્તક ચોરીથી પ્રાપ્ત કરેલું ગણાય છે

કૌરવ—પાણ્ડવ.

ભાગ ૧ લો.

નાટકનો ટુંકસાર

અંક ૧ લો.

પ્ર૦ ૧ લો—પ્રારંભે પ્રભુ પ્રાર્થના, બાદ સુત્રધાર અને નટી વચ્ચે સમયોચિત વાતચિત.

પ્ર૦ ૨ જો—હસ્તિનાપુરપતિ દુર્યોધન તથા શકુનીમામા પાણ્ડવોને લાખાભૂવનમાં બાળી મુકવાની ગોઠવણુ કરે છે.

પ્ર૦ ૩ જો—દુરબુધ્ધ દુર્યોધન તથા શકુની, કપટથી પાણ્ડવો પાસે આવે છે ને પોતાનાં કરેલાં પ્રાચિન ક્રૂર કૃત્યોની માફી માંગી ભોળા પાણ્ડવો તથા કુન્તામાતાને ભોળવે છે ને પોતાની સાથે કાશીપુરાધીશની યાત્રાએ આવવું કબુલ કરાવે છે ભીમસેન વિરૂદ્ધ રીતે વરતે છે ને સૂક્ષ્મ તપાસ નહીં કરતાં શત્રુ પર વિશ્વાસ રાખનાર યુધિષ્ઠિરને રોકવા પ્રયત્ન કરે છે તેમ દુર્યોધન ઉપર પણુ ખીજવાય છે.

પ્ર૦ ૪ થો—પાણ્ડવોએ યાત્રાએ આવવાની હા પાડી જેથી રસ્તે ચાલતા શકુનીને દુર્યોધન ખુશી થાય છે ભીમસેન પાછળથી આવી બન્નેને માર મારે છે.

પ્ર૦ ૫ મો—લાખાભુવનમાં દુર્યોધન તથા કુન્તામાતા સહ પાણ્ડવો આવે છે પાછળથી શકુની કપટ કરી દુર્યોધનને પાછો હસ્તિનાપુર તેડી જાય છે. બાદ પાણ્ડવો નિંદ્રા

વશ થાય છે એટલે પુલોચન નામનો અસુર દુર્યોધનની આજ્ઞાથી લાખા ભુવનને સળગાવી મુકે છે પાણ્ડવો પિડાય છે ને સંકટ સહન નહીં થતાં સહસા સહેદેવજી ને પુછે છે ને તે, તેમને સુરંગ વાટે બહાર નીકળી જવાનો રસ્તો બતાવે છે ને ભીમસેન પોતાના ચાર બંધુ તથા વયોવૃદ્ધ માતાને ખભાપર લઈ ત્યાંથી પસાર થાય છે.

પ્ર૦ ૬ ઠો—દુર્યોધન તથા શકુની વચ્ચેની વિપરીત વેતરણુ સંબધે વાતચિત્ત ને તેમાં પાણ્ડવો બળી મુવાની હકીકત જાણી વિશેષ ખુશી થવું.

પ્ર૦ ૭ મો—આંતર બ્હાર દુઃખ અગ્નિથી દગ્ધ થએલા દુઃખી પાણ્ડવો એક અરણ્યમાં આવી પહોંચે છે ને મનમાં અફસોસ કરતાં ભોજન માટે ભીમને ફળ લેવા મોકલે છે.

પ્ર૦ ૮ મો—રાક્ષસણી હેડંબા પોતાના સુંદર બગીચામાં હીંડોળાપર બેઠેલી છે દરમ્યાન તેના ઉપવન રક્ષકો પકવ ફળના મ્હોટા ગાંસડા સહીત ભીમસેનને ત્યાં પકડી લાવે છે બળવાન ભીમ હેડંબા સાથે હીંચકો નાંખવાની હોડ કરે છે તેમાં હેડંબા હારે છે ને ભીમસેન ગાંધર્વ લગ્ન કરે છે.

પ્ર૦ ૯ મો—ક્ષુધાતુર ચાર ભાઈઓ અને કુંતાજી ભીમની ફળ લઈ આવવાની રાહ જુવે છે લાંબો વખત વ્યતિત કરી ભીમ ફળ લઇને આવે છે તે સરવે પ્રાસન કરે છે ને રમણ્ય સ્થળ જોઈ ભીમસેનના આગ્રહથી સરવે ત્યાંજ પુર્ણકુટી બાંધીને રહે છે.

પ્ર૦ ૧૦ મો—ભિષ્મ–દ્રોણુ–વિદુરાદિ વડીલો અને પોતાના કનિષ્ટ બંધુઓ સહીત કૌરવ કુલમણિ મહારાજા દુર્યોધન દરબાર ભરી બેઠો છે દરમ્યાન પાંચાળ દેશથી દ્રૌપદિ સ્વયંવરનું આમંત્રણુ આવે છે દુર્યોધન આ પત્રને કંકોત્રી તુલ્ય સમજી પાણી ગ્રહણુ કરવાની આશાએ વરતુલ્ય બની ઠણી જાન સાધર્ય્ય જોગવાઇથી ત્યાં જાય છે.

પ્ર૦ ૧૧ મો—પાણ્ડવો કાપડી વેશે કાપડ વેચે છે તેમાં ભીમસેનભાઇ પોતાનું સ્વરૂપ બતાવે છે ને પ્રજાજનો સતાવે છે.

પ્ર૦ ૧૨ મો—એક ચક્ર નગરમાં અરજુન અને ચિત્રરથનું યુદ્ધ ભીમનું શુરાતન અને અરજુનજીને શસ્ત્રમંત્રનો ઉપદેશ.

પ્ર૦ ૧૩ મો—યુધિષ્ઠિરજી, પોતાના ચારે બંધુ સહીત ધૌમ્ય રૂષીને તેમના આશ્રમમાં જઇ કુન્તામાતાના હાથથી ગુંથાયલી પુષ્પ માળા અર્પણ કરે છે. વિઘ્ન સંતોષી શિષ્યો તેમ કરવા ના પાડે છે. અપમાન સહન કરી ધર્મ શીળ ધર્મ દેવ, સ્તુતિ પુર્વક સ્વિકારાવે છે ને રૂષીમંડળ સાથે તેમની આજ્ઞા લઇ માતા સાથે પાંચે પાણ્ડવો પાંચાળ દેશમાં થનાર દ્રૌપદી સ્વયંવરમાં ભાગ લેવા જાય છે.

અંક ૨ જો.

પ્ર૦ ૧ લો—સ્વયંવરમાં મચ્છવેધ કરતાં કેટલાક બળવાન રાજાઓ મહારાજાઓ હારખાઇ કાષ્ટાસનપર બેઠક લે છે ને મિથ્યાભિમાની દુર્યોધન તથા દુઃશ્યાસન પણ છેલ્લે ઠંડી એજ દશાને પ્રાપ્ત થાય છે. કરણરાજા આ દેખાવ સહન કરી શકતો નથી ને મચ્છવેધ કરવા તત્પર થાય છે પણ કૃષ્ણની ખટપટથી દ્રૌપદિની દાશી તેને દાશીપુત્ર ઠરાવી વ્યર્થ શ્રમ લેતો વારે છે ને તુલામાંથી ચઢતો હેઠે ઉતારે છે બાદ બળીભદ્ર ઉઠે છે તેમને કૃષ્ણ સમજાવી પાછા બેસાડે છે છેવટે અરજુન મચ્છવેધ કરે છે ને ભીમ દ્રૌપદિનું હરણ કરી જાય છે.

પ્ર૦ ૨ જો—ભીમસેન કુંભારને ઘેર આવી દ્રૌપદિને કુન્તાજી પાસે મુકી જાય છે.

પ્ર૦ ૩ જો—સ્વયંરમાં કૌરવ-પાણ્ડવોનું અરસપરસ યુદ્ધ થાય છે. છેવટે કૌરવો હારે છે ને નાસે છે પશ્ચાત પાણ્ડવો ઓળખાય છે.

પ્ર૦ ૪ થો—કુંભારને ઘેર પાણ્ડવો જાનની તૈયારી કરે છે.

પ્ર૦ ૫ મો—દુર્યોધનનો દુરાચાર, ભિષ્મનો ક્રોધ અને ઇંદ્રપ્રસ્થની સ્થાપના.

પ્ર૦ ૬ ઠો—પાણ્ડવો, ઇંદ્રપ્રસ્થમાં કૌરવોનાં કરપીણ કાવતરાં વિષે વિચાર ચલાવે છે ને રાજસુયયજ્ઞ કરી પિતૃતૃપ્ત કરવાના દૃઢ નિશ્ચય ઉપર આવે છે.

પ્ર૦ ૭ મો—દુર્યોધન બળાપો કરે છે ને શકુની ધીરજ આપે છે બાદ યુધિષ્ઠિર આવી રાજસુયયજ્ઞમાં પધારવા આમંત્રણ કરે છે.

પ્ર૦ ૮ મો—ઈંદ્રપ્રસ્થમાં રાજસુયયજ્ઞ થાય છે ત્યાં સોરુટ મંડપમાં પ્રવેશ કરતાં ભૂમીપર જડેલા સ્ફટિકને જળ સમજી દુર્યોધન પોતાના અનુયાયીઓ સહીત પહેરેલાં વસ્ત્રો ઉંચાં લેછે દ્રૌપદિ આ કૌતક જોઈ હસે છે ને અંધપુત્ર કહી મહેણું મારે છે દુર્યોધન આ વાત મનમાં રાખી વેર વાળવા વિચાર કરે છે.

પ્ર૦ ૯ મો—દુર્યોધન તથા શકુની ઇંદ્રપ્રસ્થને અગ્નિથી ભસ્મિભૂત કરવાના વિચાર કરે છે.

પ્ર૦ ૧૦ મો—દુર્યોધન અને શકુની રાતે ઇંદ્રપસ્થમાં આવે છે ને પાણ્ડવના મહેલને ચારે બાજુથી આગ લગાડી નાશી જાય છે. બાદ પાણ્ડવો જાગી ઉઠે છે ગભરાટમાં પડે છે. આગ બુઝાવવા સારૂ યુધિષ્ઠિર તથા કુન્તાની આજ્ઞાથી અરજુન પોતાનાં શસ્ત્ર લેવા ભીમસેનના શયનગ્રહમાં જાય છે દરમ્યાન ભીમસેન આવે છે ને અરજુનને ત્રણ વરસ વનવાસ કઢાવે છે.

પ્ર૦ ૧૧ મો—પ્રવાસી અરજુન, એક મોટા અરણ્યમાં પંપાસરોવર નામના જળાશય ઉપર આવે છે ને નિર્મળ જળ જોઇ તેમાં પાણી પીવાની લાલસાએ પ્રવેશ કરે છે ત્યાં શાપિત થઇ પડેલી અપ્સરા નાગણીના સ્વરૂપે પારથને પગે ડંસે છે ને શાપમુકત થતાં પોતાનો મુળ સ્વરૂપે અરજુન સાથે પરણે છે.

પ્ર૦ ૧૨મો—શ્રીકૃષ્ણ પોતાની બેન સુભદ્રાને અરજુન સાથે પરણાવવાના હેતુથી પારથને દ્વારકાં તરફ લાવવા વિચાર કરે છે.

પ્ર૦૧૩મો—અરજુન પરણેત અપ્સરાને મણીપુર શહેર વસાવી આપે છે ને ત્યાંથી જુઓઘે પાધરો દ્વારકાં તરફ પ્રયાણ કરે છે.

અંક ૩ જો.

પ્ર૦ ૧ લો—શ્રીકૃષ્ણના સંકેત પ્રમાણે અરજુન સન્યસ્ત સ્વરૂપ લઇ અશોક બાગમાં આસન જમાવી બેઠો છે ત્યાં સુભદ્રાને દર્શનાર્થે લઇ જવા શ્રીકૃષ્ણ જયવિજય નામની દાશીઓને સુચના આપે છે તેમનું કહેલું કહેણ સ્વીકારી સુભદ્રા દર્શને જાય છે બળદેવજી તેમ કરવા સંમતિ આપે છે ને શ્રીકૃષ્ણ પેટમાં ભાવ છતાં મોંઢે ના પાડે છે.

પ્ર૦ ૨ જો—અશોકબાગમાં યોગી અર્જુન ને સુભદ્રા વચ્ચે પ્રથમ વાણી વિલાસ ને પાછળ પ્રેમ વિલાસ થાય છે બાદ બળદેવજીની આજ્ઞાથી સુભદ્રા સહીત કૃત્રીમ સાધુ રથમાં બેસી સરોવરપર સ્નાન કરવા જાય છે.

પ્ર૦ ૩ જો—પોતાના પગનું ઝાંઝર ખોવાઇ ગયું છે એમ બહાનું કાઢી સુભદ્રા સેવકને શોધવા મોકલે છે ને સાધુરામ સાથે પોતે પસાર થઇ જાય છે સેવક પાછો આવે છે

ને સુભદ્રા તથા સાધુને નહીં દેખવાથી નિરાશ થઇ આ વૃતાંત બળદેવજી આગળ નિવેદન કરે છે.

પ્ર૦ ૪ થો—અરજુન, કૃષ્ણ, બળદેવની વાટ ચલ્લેતો અરણ્યમાં રસ્તો રોકી ઉભો રહે છે ત્યાં બ્રહ્મર્ષિ નારદજી આવી સુભદ્રા સાથે તેનાં લગ્ન કરી આપે છે બાદ યાદવો સહીત કૃષ્ણ બળદેવ ત્યાં આવે છે પરસ્પર તકરાર થાય છે છેવટે કૃષ્ણ—બળદેવ રાજી થઇ આશીર્વાદ સહીત સુભદ્રાનો હાથ અરજુનને સોંપે છે ને અરજુન સુભદ્રા સહીત ઈંદ્રપ્રસ્થ જાય છે.

પ્ર૦ ૫ મો—શકુની તથા દુર્યોધન પાણ્ડવોને આડુંઅવળું સમજાવી જુગટે રમાડી તેમનું રાજ્ય તથા સતી દ્રૌપદીને સ્વાધીન કરવાના સરવાળા બાંધે છે.

પ્ર૦ ૬ ઠો—શેરડી છોલીને ખાતાં શ્રીકૃષ્ણની આંગળી કપાય છે તે જોઇ દ્રૌપદી પોતાનું અમુલ્ય ચીર ફાડી પાટો બાંધે છે આથી શ્રીકૃષ્ણ ઘણુ રાજી થાય છે ને વરદાન આપે છે.

પ્ર૦ ૭ મો—દુષ્ટ દુર્યોધનના દુરાચરણથી વિદુરજી ગ્લાની પામી અફસોસ કરે છે.

પ્ર૦ ૮ મો—ભોળા પાણ્ડવોને ભોળવી કપટી દુર્યોધન તેમને પોતાને ત્યાં થતા ગોત્રયાગનું બ્હાનું ગોઠવી તે પ્રસંગ આવવાની હા પડાવે છે.

પ્ર૦ ૯ મો—દુર્યોધન પોતાના દરબારમાં પાણ્ડવોને લાવે છે ને યુક્તિથી કપટ કરી ધર્મદેવને જુગટે રમાડે છે ને પરિણામે રાજ્યપાટ, રિદ્ધીસિદ્ધી જીતી લઇ પાંચે બંધુઓને પોતાના દાસ બનાવે છે એટલુંજ નહીં પણ છેલ્લે સતી દ્રૌપદીને હોડમાં મુકાવી પોતાની દાસી બનાવે છે ને તેને પકડી મંગાવી સભા સમક્ષ તેનાં પહેરેલાં ચીર ખેંચાવે છે શ્રીકૃષ્ણ પોતાની અદ્‌ભુત શકિતથી આ સ્થળે તેનું રક્ષણ કરે છે ને નવસેં નવાણું ચીર પુરે છે ધુતઆરંભતાં કરેલા ઠરાવ પ્રમાણે છેવટે પાણ્ડવો વનવાસ જાય છે ને પ્રથમ ભાગ સમાપ્ત થાય છે.

૪૦૩૨

ૐ હરિ!!

કૌરવં–પાંણ્ડવ.

ભાગ ૧ લો.

નાટકનાં ગાયનો.

સુત્રધાર— નાન્દિ.

શ્રીજી અચળ સંપ આપો, કુસુંપ અજંપ કંપ કાપો–ટેક૦
આ ભારત તનુજો! ભાવે, દુરમતિ વતિ ગતિ ગુમાવે;
રે! ઘર ઘર જે!! મગરૂર મરજો!!
છે છળ–છર તે, હણિ પરિતાપો— શ્રીજી૦

નટી— ૨

ખુબ રંગે રંગેલી, મધ ભરી ખિલેલી;
સુધારસમાં ભિંજેલી, સંપ કળી ઇશ દે.
ફુરી તેનું પુષ્પ મોટું, સુવાસિત સુંદીર ગોટું, અમર
તું કરજે—ખુબ૦
ઇર્ષા–અહંકાર, દુઃખ સુરંગનાં દ્વાર, થઈ કૃપાળ, બંધ કરજે;
એક ચિત્ત નિત્ય રાખી, પ્રેમરસ ભરજે—ખુબ૦
મતિ દિર્ઘ કરી, દેજે માંહી અમૃત ભરી,
વિરતા વિશેષ ધરી, આશ અમ પુરજે હરી
કે કીરતી કરજે—ખુબ૦

દુર્યોધન— ૩

કરૂં દહન!! કરૂં દહન!! કરૂં દહન!! પાણ્ડવને, એક પળમાં

શકુની—વાહવા!........વાહવા!!........વાહવા!!

દુર્યોધન–તીરની કમાન સમ છેતરીને છળમાં—કરૂં૦

નયમાં નીર ભરી, લાચારી બતાવું;

મીઠી મીઠી વાણી, પુંક મારી ફોસલાવું.
કપટથી કરી એક મન, લઇ જાઉં લાખને ભુવન;
ફંદમાં ફસાવું દુશ્મન ત્યારે થાય ઠંડક (૨)
શકુની—શાહબાસ!!........શાહબાસ!!........શાહબાસ !! કરૂં૦
દુર્યોધન—બાવળનું બીજ નહીં ઉગારવાજ દેવું,
વૃક્ષની વયે નહીં પુગવાજ દેવું;
ખેંચી કાઢવાજ તરૂમુળ, કયાંથી માંગે પછી કાંટા શુળ.
બસ એજ છે અનુકુળ, ત્યારે થાય ઠંડક (૨)
શકુની—ધન્ય છે !!........ધન્ય છે ! !........ધન્ય છે !!–કરૂં૦

નીકુળ— ૪

અત્તર તેલ ફુલેલ લગાવી, ખુબ કરીશું લ્હેર;
ઠીક પ્રસંગ આવ્યો યાત્રાનો, જઇશું આનંદ ભેર—ટેક૦
ઉત્તમ વસ્ત્ર સજી ઠીક થઇશું, સુંદીર શીરપેચ પહેરી લઇશું
જુવાન હયપર સ્વારી દઇશું, નચાવતા મારગમાં વ'ઇશું.
ઠેકાવતા ઠેર ઠેર............(૨)........................અત્તર૦
વાહવા......................ચમન...............ખુશ મન (૩)
રહી મોજમઝા !! ગઈ સર્વ કજા !! થઈ મોહનવરની મ્હેર—અ૦

દુર્યોધન તથા શકુની— ૫

મારી સેવકને ભીમભાઇ આપીએ—પાય લાગીએ.
ભીમ—દુર ભાગીએ..............................માફી૦
હાડ બહુ ભાગીઆરે, ભીમ—પાપ હવે જાગીયાં,
શરણુ શિવ રાખીએ; ભીમ— કૃત્ય ફળ ચાખીએ.
ભીમ—પાપી શુ !! પાપીધીક !! પાપી નીચ !! શુ !!-મારી૦

દુર્યોધન— ૬

વાહવા ભસ્મિભુત થયા છે અરિ,
ફાસળ ગઇ ઠંડે પાણીએ, હવે શાંતિ વળી;
હાશ!! હવે શાંતિ વળી, અહા!! હઇયું ગયું ઠરી વાહવા૦
ફાટેલાઓ ફેલમાંહી કુલાઇ ગયાતા,
ગરવ હિંડોળે ખુબ ઝુલાઈ રહ્યાત ;

મદાંધ—અંધ થઈ—ભડકાતા છંદ માંહી-
ફાંત્યાતા ફંદ માંહી, ગયાઃ અંતે મરી—વાહવા૦

પાણ્ડવો અને કુન્તા— ૭

તપીએ તનમાં, મહા દુઃખ મનમાં
બળી મુવાં હાય!! લાખા ભુવનમાં—તપીએ૦
શાં પાપ નડિયાં ? આ દુઃખ પડીઆં,
કયાં જઈ ચઢીયાં ? સુખ રાજનનાં—તપીએ૦
વન વન ફરવું, જયાં ત્યાં રખડવું;
ક્ષુધાથી મરવું, સ્થળ નિરંજનમાં—તપીએ૦

હેડંબા અને સખીઓ— ૮

જોઇને વસંત આહ !! પુનમનો ચંદ્ર વાહ !!
આણી અનંત ચાહ !!........વિરહી બન્યો—ટેક૦
હશી હશીને ઈલાસુંદરી બોલાવે,
વામા વ્યાકુળ થઈ ચિતડું ડોલાવે;
વસ્ત્રો સજ્યાં છે લીલાં ભેટવાને ભાવે,
ઝાકળ જળ મોતીથી પિયુને વધાવે.
પિયુ અરપે ચંદનનાં નીર........જોઇને૦
વસુંધરા વશ ચંદ્રની, ખચીત પડવા ખીજ;
મલકાવે સુખ મલપતું, વાદળમાંથી વીજ.
શશી શરમાય છે, આભમાં ભરાય છે;
લલના લપાય લાજ આણુતી,
અંધકાર ઓઢણું ખેંચીને મુખપર,
શ્યામી થઇ ઘુંઘટડો તાણુતી.
તારા આ તાલી જોઇ ભાગે છે કોઇ કોઇ—જોઇને૦

સખીઓ— ૯

પે'રો પે'રો હાર ફુલના, મોઘા મુલના પ્યારી પેરાવે,
સુખી રહો નિત્ય દંપતિ દાવે,
પ્રણુત પાળ !!—રહો કૃપાળ !!—પુર્ણુભાવે—પે'રો૦
સંતતિ આપો મોર ૨, સંપતથી ભરજો ભંડાર;

અમર જોડી !! આ જગદિશ !! રાખો હરનિશ.
આનંદ આનંદ દયો જગપાળ—પે'રો૦

ભીમ— ૧૦

કાપીશ કાપીશ ક્રુર કૌરવોની જાળ
ક્રુરતા કૃતી કરીને ધૃતી હરીને—કાપીશ૦
સકળ સંહારી નુર, મારીને સુર
ઠારીશ ઠારીશ ઉર
ઝટપટ જઉં ફરીને-દળું અરિને—કાપીશ૦

હરબારીઓ— ૧૧

હો ! ત્રાતા તું હિતકાર,
આ નરપતિ શીરે અપાર, દઇ શશિવંશી ગુણુસાર—હો૦
રિદ્ધીસિદ્ધી પરિપુરણુ પામો, સંપતિદંપતિ સ્વધર્મ જામો;
જગ નગ નભમાં !! રસ બસ હૃદયે !!
કરજો જય જયકાર—હો૦
કળ બળને વળિ કળા કુશળતા, વિશેષ વધજો વિપુ વિમળતા;
નિશદીન નિયમે !!—અજર અમર થઇ !!
વરજો વિજય શ્રીકાર—હો૦

અર્જુન— ૧૨

દશા કરે તે ખરૂં, મનુષ્ય બળ તે આગળ છે પરૂ—
નવે ગ્રહોના હતો નિયંતા, રાવણુ લોદું ખરૂં.
દંડ દશાના ભોગવતાં, થઇ બેઠો બાજર બરૂ—મનુષ્ય૦
ધનુષ્ય બાણુ જે હસ્તે ઝાલ્યું, તે કર ગજમાં ધરૂં;
મણીધરને મેડક થઈ આજે, કાપડી વેશે ફરૂં—મનુષ્ય૦
અગણીત સૈન્ય સમીપે, રહીને, લઢવા નહિં ડરૂં;
સમય ઓળખી સત્ય પાળવા, કીંકર કારજ કરૂં—મનુષ્ય૦

ભીમ— ૧૩ પુરજનો—

કાપડના વહેપારી આવ્યા, વાહ ! વાહ ! વાહ!!
ભાઇઓ-તરેહતરેહનો સોદો લાવ્યા, વાહ ! વાહ ! વાહ!!
હ્યારે પાણીતા મુલે કાઢું છું, વાહ ! વાહ ! વાહ!!
વળી ગજનું સવાગજ ફાડું છું, વાહ ! વાહ ! વાહ!!

ગપ બંદરની ગજીઆણી છે. ....

બુટ્ટીદાર છીંટો આણી છે ....

ફીટ કિનારી વખણાણી છે, વાહ ! વાહ ! વાહ!!

વહેપારી આવો નહીં મળશે ....

સોના સાઠ કરીને પળશે ....

નહીં લેશે તે પાછળ બળશે વાહ ! વા ! વ હ !!

રૂષિવૃન્દ— ૧૪

ઉમંગથી સુરંગથી આજે–ટેક.

સહુ મળી જઇ તે જોવા સ્વયંવર નવવિધિ જ્યાંહિ નિવાજે,

મહીપતી જયાં મોટા બહુ મળશે દ્રૌપદ કન્યા કાજે.

યજ્ઞાયાગથી અગ્નિ પ્રજવળશે વેદમંત્ર વિધિ સાજે– ઉમંગ

અંક ૨ જો.

સહેલીઓ— ૧૫

રચના શી મનહરણી લાગે? આરે !! મંડપની બની રહી ખુબબ્હાર
શા ? સરસ સહુ શણુગાર છે, મણીમય તોરણુની હાર છે
સ્થંભે સ્ફાટિક ઝળકે રૂડા, રત્ન જડીત દ્વાર છે
મહીં ચુનીનો ચમકાર છે, વાહ ! ! વૈભવ અપરંપાર છે
મચ્છ વિંધશે તે વરશે આ બાળ
સતી શ્યાણી ! ! ગુણુ ખાણી ! ! સુખકાર છે—રચના

ક્ષત્રાણીઓ— ૧૬

સખિ આનંદ આનંદ અતિ મનમાં
વ્યાપી ખુશાલી ખુશાલી સૌ જનમાં
આવ્યા વિવાહ ઉચ્છાજ શુભ દનના
રે ! સુરજ ધનમાં..................સખી૦
રચી રચના મંડપની વિવિધ રંગમાં
કાઢયાં ચિત્ર શોભીતા બંગે બંગનાં
ગીત સુંદીર મધુર ગાયે લલનાં
રે ! પ્રેમ હલના..................સખી૦
પાંચ પાણ્ડવ પાંચાળી ને વરશે
સતિ વન્હિથી શુધ્ધ વપુ કરશે
શીળધારી નીતી ભંગ નહીં ઠરશે
રે ! કારજ સરશે..............સખી૦

દુર્યોધન— ૧૭

વાહ ! ! વાહ ! !
વાહરે મામા વાહરે મામા ! અજબ અક્કલ તમ, પડે નવ ગમ
હરમાં સિધા, વાટયમાં વાંકા, ફંદમાં પાકા, પેચમાં ફાંકા,
કપટમાં નહી કમ, મારવો ખોટો દમ—વાહ૦
વાચાળ બુદ્ધિ, વિવેક વાળી, મુખથી મીઠાં પેટમાં પાળી
યુક્તિ નારદ સમ, સાહસિક જાણે જમ---વાહ૦

સુંદરીઓ— ૧૮

સ્વચ્છ ગુલાબી ગુંથીને લાવ, માલણ તારો ગજરોરે
માંહે મોગર કળી ગુંથાવ, માલણ તારો ગજરોરે
તારા ગજરાનો આપીશું મજરો, માલણ તારો ગજરોરે
ચંબેલી ચોક ગાંળે ગાળે ભરજે, ચંપાકળી ચતુરાઇથી ધરજે
કેવડે કોર બંધાવ, માલણ તારો ગજરોરે
જાઇની જુઇ જાસુંદીની જાળી, પાંખડીએ પારીજાત રૂપાળી
મોતીડાં માંહે ટંકાવ, માલણ તારો ગજરોરે
જરકશી ઝુમતાં હીરની આંટી અમુલ્ય અતર અંબર છાંટી
પાંચાળી શીરે બંધાવ, માલણ તારો ગજરોરે

યજ્ઞદર્શનાધિકારીઓ— ૧૯

ચાલો ચાલો શ્રીરંગ ! શ્રીરંગ ! ગોવિંદ ગોવિંદ !
ગુણ પ્રભુનાજ ગાઓ..
સરીતામાં સ્નાન કરી, શુદ્ધ થાઓ–ટેક૦
જળમાં તરીશું—મોજ કરીશું—ચિત્ત ઠરીશું
ખુબ રમી, રાખવી છે નહી લેશ કમી
આનંદ !! આનંદ ! છે અતિ અંગમાં
ધન્ય આ અવસર, અમન–ચમન છે–ચાલો૦

અર્જુન— ૨૦

પ્રણામ લેજો વહાલા વિરાઓ વન જાઉં છું રે
રહેજો સહુ સંપમાંહી, ચિત્તમાં ચાઉં છું રે
આજ્ઞા શીર ધરજો ધર્મભ્રાતની ભળાઉં છું રે–વ્હાલા
સર્વે—ચિંત્યા રક્ષિત થાઓ, શુકન જોઇ સાંચરોરે
દ્રોપદિ—વિજયી થઇને વહેલા આવજો, વધાવશું રે—વહાલા

અર્જુન— ૨૧

આહાહા !! અહાહા !! કેવું વન ? રૂડાં વૃક્ષવૃંદ
વેલીયો કરે આનંદ, સુંદર શોભીત
સરોવર નિર્મળ જળ છે બલિહારી
બંસી ધારી, વાહવા વાહવા તુને ધન્ય—આહાહા૦
ભૂષણ ભૂમીનાંજ ભવ્ય– ગજબ છે
લીલાં ચીર, ઓઢયાં શીર, વાહવા વાહવા વાહ–આહાહા

અર્જુન— ૨૨

જો ન હોય હરકતો, બોલકણી બાળ
નામઠામ જણાવો, નાજુક નખશાળ
ભ્રમરની કમાનને, નવોઢા-નાર
નેણુ અણુસારનાં, તીર ફેંકનાર

અપ્સરા—સ્વર્ગ સદનની હુંછું વિલાસી
શાપ પામી થઈ, નાગણુ આ વાસી
આજ મુક્ત કરી છે, આપે સરદાર
પ્રેમ ગાંઠય બાંધો થઈ, ભાવિ ભરથાર

અર્જુન—ધમ ચુકાઈ છે, મર્મ મુકાય છે
ભરમે ભલાય છે, માન-માન-માન

અપ્સરા—મર્યાદાની મા'ય છે, શીયળ સચવાય છે
એક કંથ થાય છે, કહો હવે કાંઇ છે?

અર્જુન—વાહ ચતુરાઇ, વાહ ચતુરાઈ, મણા નહીં કાંઇ
મણા નહીં કાંઇ વાહ!! વાહ!!-જો .ન હોય૦

અપ્સરા— ૨૩

રસિકવરઃ! વનીતાની વિનતી સ્વિકારો
પ્રેમે પધારો...........ગ્રહી હસ્ત મારો
સદાને માટે હો!!!
અંગમાં અનંગ દાહ, ઉઠયો અંગારો તે ઠારો-ટેક૦
મદન ફોજ ચઢી છે તેનેં હલકારો વિદારો.
કેમ સમજયા કે? અરજુન—હા!
અપ્સરા—શું? અરજુન—યુદ્ધ કરવાનું
અપ્સરા—કોની સાથે? અરજુન—મદનસાથે
અપ્સરા—શાથી? અરજુન—હથીઆરથી
અપ્સરા—ચોટાયવાગશે? અરજુન-પહેલુ નિશાન વાગશે
અપ્સરા—શેનું? અરજુન—ચુંબનનું
અપ્સરા—કેવી રીતે? અરજુન—આવી રીતે
અપ્સરા—વાતે વાળી વ્હાલમાં, ચોંપે લઇ ચુંગન
શીયળ ભંગ મુજને કરી દીસો કપટીજન
અરજુન—પ્રેમના વિલાસમાં છબીલી ન છણુકાઇરે-રસિક૦

અપ્સરા— ૨૪

મને ભુલી ન જશો ભૂધરા ભામિનીની ભાળ રાખજો
કોઇ મન હરણીને મોહીને, નહીં મુને વિસારજો
રહેમ નજરે રામાને જાંખજો—મને૦
તન તપે છે માહારૂં, વિયોગ વન્હિ જળવાથી
થાય અતર જંતર ખાખજો—મને૦
આમ્રની શોભા શાખ છે, પક્ષીની શોભા પાંખ છે
તેમ હું અંધની આપ આંખછો—મને૦

અરજુન— ૨૫

પ્યારી નવ થાઓ અધીર અતિશ,
ગતી મતી ધૃતી અતી, ગૃહી સતી નહીં કરો રીશ-પ્યારી
સલુણી શાંતી ભુષણ સજે સર્વ સીદ્ધ પમાય છે
વિકટ સમય વ્યતિત કરો
ધરી ખરૂં ઉર શુરપુર નુર—સમરી સદા ઇશ—પ્યારી૦

અંક ત્રીજો.

શુભદ્રા અને સખી— ૨૬

ચાલો ચાલો સ્યાણી સહીઅરો રમવા
પ્રેમ ધરવા...............ચિત ઠરવા........ચાલો૦
માણીએ આનંદ માતા મંદીરની માંઈ
ગરબે રમીએ ગીતસુખ ઓરમાનાં ગાઇ—ચાલો૦
ચંદનીમાં ચેન કરો પ્રેમરસ પાઇ
તન–મનના તાપ ટાળો, હર્ષ નીર ન્હાઈ–ચાલો૦

સખીઓ— ૨૭

બોલો બોલો મારાં શરમાળ સાહેલી ઘુંઘટડો
નહીં તાણો
ચોળીબંધ તે શાણે ખેંચાણો ? ચિત સાંભરીઓ
કોઈ શાણો—બોલો બોલો૦
સાહેબાનાં સુખ સરજ્યાં હૃદયમાં જાણ્યું હમે સખી
જાણો—બોલો બોલો૦

સુભદ્રા—સાહેબો શો ને શ્યાણો શો ? શી લવરી આ સાહેલી ?
સખીઓ–કહોને ત્યારે કામણગારી, કાંતિ આ કયમ ફેલી ?
સુભદ્રા—કાંતિમાં શું નવિન દીઠું ? સર્વે—યૌવનના અંકુરો
સુભદ્રા—અંકુરોમાં તે શું જોયું ? સર્વે—શ્યામ મુખા ડુંગરો
સુભદ્રા—કહી ધોને ડુંગરો કેવા, શા માંડયા છે ચાળા
સખીઓ–કહેશે કોઈ અલબેલો આવી બાથે ઘાલી બાળા
બોલો બોલો

વિજયા અને જયા— ૨૮

આહા ! ! આહા શો છેલડો
શોભે અલબેલડો ! !
મદન સ્વરૂપ જોગીરાજ છે
રૂપે રાજ છે—છટા બાજ છે—આહા૦
ભસ્મધારી ભુરી જટા, શુધ્ધ શંકરના જેવી ઘટા

મીઠી વાણી મોહબાણ, કરૂં કેટલાંક વખાણ
કામના જેવાંજ સહુ ઠાઠ છે—આહા૦
મુખ શોભે છે શશી સમાન, આંખ અણીઆળી ભ્રમર કમાન
ગોર અંગ રંગ બંગ, જોઇ આવે ઉછરંગ
ભુમીના ભાણુ બસ આજ છે—આહા૦

સુભદ્રા— ૨૯

જાઓ જાઓ સતાવો ન સહીઅર સા આમ
સર્વે—છાનાં છલબલીઆં નયને નચાવો શું કામ ? -જાઓ
સખીઓ—ઓહોહોહો ! ભોળી ભાળી, લટકાળી ચટકાળી
સુભદ્રા—રહેશો ચુપ ?........સર્વે—હા........લ્યો,—જાઓ૦
સર્વે—મહાદેવજીની માનતાલ્યો, સુભદ્રા-એથી શું સરશે કામ
સર્વે—સરશે સરશે હઇઉં ઠરશે, વરશે પારથ શ્યામ-જાઓ૦

સુભદ્રા— ૩૦

જોગી થઇ આ ભોગીના, શા ઢંગ જટાધારી ?
ત્યાંગી બની સંસારીના, શા ઢંગ જટાધારી
નિરજન વનના વસનારા છો, વપૂએ વલકલ કસનારા છો
ધર્મ ધ્યાનમાં ધસનારા છો, માયાથી દુર ખસનારા છો
તેને શી નારી, અરે ચિત્ત તેને શી નારી—જોગી૦
અરજુન—શકિતકા હમ હય પુંજારી, ઉપાસના ઉસકી હય ભારી
સુભદ્રા—વાહ ! વાહરે નિર્મળ બ્રહ્મચારી, ભકિત તો આઉ-તમ
ભારી છે જગથી ન્યારી, આહાહા ! છે જગથી ન્યારી-જાઓ

સુભદ્રા— ૩૧

સાચવશો ? સાચું કહો સંત પુલને [૨]
અરજુન—શીરકી સાથ સુંદરી, મય રખુંગા એ કલી
સુભદ્રા—એમતો ન માનું બોલ, આપો કોલ, તોજ દઉં
અમુલએ-સા૦
અરજુન—લે લે પ્યારી, મેરા કોલ દુલારી
સુભદ્રા—બ્રહ્મચારી ભ્રષ્ટ થયા ભરમાઇ ભારી
ઉહું ? ! નથી મારે આપવું એ પ્યારૂં પ્રાણ તુલ્ય છે—સાચું

સુભદ્રા--- ૩૨

રસિલા જોગી રાજરે ! ચાલોજી
ચાલોજી—ચાલોજી—ચાલોજી—રસિલા૦

પ્યારા મારારે ! ? વ્હાલા મારારે
પ્યારી સંગે પ્રીતિમાં મ્હાલોજી—રસિલા૦
નિર્ભય સ્થળમાં જઈ ઠરીશું, વૈભવનાં સુખ વ્હાલે વરશું
પ્રેમાંમૃતના પ્યાલા ભરીશું, પીઈને હૈયું તૃપ્ત કરીશું
અરજુન—વાહ પ્યારી હુમારી ચલોજી—રસિલા૦
પ્રેમ પ્રિંજરમેં પ્યારી ફસાયા, જોગીકા તુંને ભોગી બનાયા
સુભદ્રા—રાખો અચળ ઇશ આપણી માયા
અરજુન—સુંદરી સુખ મય તુજસેં પાયા
સુભદ્રા—તો અમને એવું સુખ આલોજી—રસિલા૦

સુભદ્રા— ૩૩

જામી જામી બસ જોડરે ! પ્રેમીલા પારથ સંગમાં
અરજુન— સુભદ્રા—
જાણું રતિ કામ રંગમાં, રમીએઓહોઆહાહાહાહાહા—જામી
વાતે કરી વશ ચિત્તડું છળીઉં વાહરે વાહ, વાહરે વાહ
હૈયુની પ્યાલીમાં અમૃત ઢળીઉં વાહરે વાહ વાહરે વાહ
કસ્તુરી ચંદને કેશર ભળીઉં, વાહરે વાહ વાહરે વાહ

સુભદ્રા, અરજુન— ૩૪

જાઓ જુઠા સરદાર, કરો દ્રૌપદીને પ્યાર;
ભોળા ભરથાર, શોભાવો સંસાર;
વાહવા રંગીલી નાર, તું હૈયા હાર;
રસીલી રીસાળ, કરો ઉર પ્યાર,—જાઓ૦
સદાને માટે શ્યામ હું તો અળગી થઈ,
વ્હાલી હું વેચાણુ, રહું તમ દાસ થઈ,
જાવો નહીં સમજાવો હવે ભોળા થઇ
જોઇ પતિ આ જુકિત,
હા જોઈ-જોઈ........બુદ્ધિ બહેર મારી ગઈ—જાઓ૦

દરબારીઓ— ૩૫

રહો !! અચળ સકળ વૈભવમાં, રાજન રહો
ઉગતા રવિ સમાન, તપો તેજ જગમાં—રાજન૦
અરિ ડરી છત્રપતિને પાય નમજો
વિજય વિજય થાઓ કીરતી અખંડ

ચક્રધારી—કૃપા ભારી—વરસો ભારી—રહો૦
નીતિ રીતિ પ્રભુ પ્રીછી અંતરમાં વસજો
અજર અમર થાઓ રાયનોજ પંડ
હયો સ્વિકારી—આ હમારી—અરજ્જારી—રહો૦

દ્રોપદિ— ૩૬

ધાઓ સલુણા શ્યામ, આવો કૃષ્ણવીર આ ઠામ
પડયા પિયુજી તમામ, વીર છતાં નિર્ગત આમ
રહી છે હવે એક તારી હામ, ગિરિવરધર દુઃખહરબંધુ—ધા
આ ભર સભાની માંહ્ય, પ્રભુ ચીર મારાં ખેંચાય
પત મારી અહીં જાય, એ લાંછન તુજને થાય
છે આ છેલ્લી તક કર તું સાહ્ય, તનમનથી વંદુ તવ પાય—ધા.

પાણ્ડવો— ૩૭

જઇએ છઇએ વન સભા જન છે પ્રણામ
ભાવી હશે તો છેલ્લા રામ રામ
ભિષ્મ—દ્રોણ—વિદુર વડીલો સર્વને પ્રણામ
રાખજો દયા કૃપાળુ દિનપર તમામ
કર્યાં તેવાં ભોગવીશુંજ કાય, દોષ એમાં નહીં કોને દેવાય
જુગારી જનની આ દશા થાય, કાંતો કુવો—કેદ કાં ઝેર ખાય
ખોયાં ગર્થ—ગામ ને જુવંતી નાર
જાણજો જુગારમાં છે જન આ'વો સાર
જારને જુગાર બન્ને ઝેરના છે જામ
પાન કરનારના બેહાલ થાસે આમ—જઇએ૦

પ્રથમ ભાગ સમાપ્ત.

જાહેર ખબર.

નિચે લખેલાં નાટકનાં ગાયનો ઓપેરાઓ રો[illegible] કીંમતે તથા વી. પી.થી અમારી શ્રી 'સુરત' સુંદર વિલ[illegible] નાટક કંપનીનો જ્યાં મુકામ હશે ત્યાંથી મળશે.

૧	પ્રલ્હાદ વિજય નાટક આખું ભાષણ સહીત રૂા.	૦-૮-[illegible]
૨	પવિત્ર લક્ષ્મિ નાટકનાં ગાયનો	૦-૨-[illegible]
૩	ગુલબકાવલી નાટકનાં ગાયનો	૦-૨-[illegible]
૪	કુસુમલતા નાટકનાં ગાયનો	૦-૨-[illegible]
૫	હંસાકુમારી નાટકનાં ગાયનો	૦-૨-[illegible]
૬	અભયસિંહ નાટકનાં ગાયનો	૦-૨-[illegible]
૭	કર્મફળ નાટકનાં ગાયનો	૦-૨-૦
૮	નરસિંહ મેહેતા નાટકનાં ગાયનો	૦-૨-૦
૯	શેઠ સગાળશાહ નાટકનાં ગાયનો	૦-૨-૦
૧૦	શ્રી કૃષ્ણ સુદામા નાટકનાં ગાયનો	૦-૨-૦
૧૧	મહાકવી કાળીદાસ નાટકનાં ગાયનો	૦-૨-૦
૧૨	રાજ રતન નાટકનાં ગાયનો	૦-૨-૦
૧૩	પ્રલ્હાદ વિજય નાટકનાં ગાયનો	૦-૨-૦
૧૪	કૌરવ-પાન્ડવ નાટકનાં ગાયનો (ભાગ ૧ લો)	૦-૨-૦
૧૫	જાળંધર અને સતી વૃંદા નાટકનાં ગાયનો	૦-૨-૦
૧૬	કૌરવ-પાન્ડવ નાટકનાં ગાયનો (ભાગ ૨જો)	૦-૨-૦
૧૭	લલિત પ્રિયા નાટકનાં ગાયનો	૦-૨-૦
૧૮	ઇલાસુંદરી નાટકનાં ગાયનો	૦-૨-૦
૧૯	શ્રી બ્રહ્મદેવી ભદ્રકાળી નાટકનાં ગાયનો છપાય છે.	
૨૦	ભક્તરાજ બોડાણો અને સતી ગંગાબાઇ	,,
૨૧	શ્રીમતી સરલાદેવી નાટકનાં ગાયનો	,,

☞ ચેતવણી—શ્રી 'સુરત" સુંદર વિલાસ નાટક કંપનીના માલીક ના નામના સ્ટેમ્પ વગરનું પુસ્તક કોઇએ વેચવું વેચાવવું અગર ખરીદવું નહિ કારણ તેવું પુસ્તક ચોરીથી પ્રાપ્ત કરેલું ગણાય છે